પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૩૫, કુલ પાનાંઃ૪, તારીખઃ ૦૨-૧૦-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 35 PRICE :-RS. 1.50 DATE : 02-10-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

## ગાંધી જયંતિએ ગ્રામ પંચાયતોમાં ગ્રામસભા યોજાશે

ગાંધીનગર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ‘અમૃત મિશનહ્ન દ્વારા દેશના શહેરી વિકાસને નવી દિશા આપી છે. આ મિશન અંતર્ગત શહેરોમાં પાણી પુરવઠા, સુએજ વ્યવસ્થાપન, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, બગીચા-પાર્ક અને જાહેર પરિવહન ક્ષેત્રે વિકાસની નવી પરિપાટી ઘડાઈ છે. પ્રવક્તા મંત્રીઓએ ઉમેર્યુ કે, પ્રધાનમંત્રીના ખાદી ફોર નેશન-ખાદી ફોર ફેશનના મંત્રને સાકાર કરવા અને ખાદી વણાટ સાથે સંકળાયેલા ગ્રામીણ પરિવારોની આર્થિક સ્થિતિને સક્ષમ બનાવવા ગુજરાતમાં આ વર્ષે ગાંધીજયંતિ ૨ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર દરમ્યાન ૨૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય (રિબેટ) અપાશે. તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં ખાદી ઉત્પાદન અને પોલિવસ્ત્ર ઉત્પાદન સહિતની ખાદી કામગીરી સાથે જોડાયેલા અંદાજે ૧૨ હજાર જેટલા કારીગરોને આના પરિણામે આર્થિક આવક વૃદ્ધિનો લાભ મળશે. આમ, ઝસ ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સમગ્રતયા ઓક્ટોબર માસ દરમ્યાન ગુજરાતમાં સ્વચ્છતા સફાઈ, જનસુખાકારીના કામો અને અંત્યોદય, ગરીબના આર્થિક વિકાસ કામોને જનભાગીદારીથી પ્રેરિત કરીને રાજ્યવ્યાપી અભિયાનો હાથ ધરાશે તેમ તેમણે ઉમેર્યુ હતું.ગુજરાત સરકારે જણાવ્યું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ ૨ ઓક્ટોબરે રાજયમાં ખાસ ગ્રામસભાઓનું આયોજન રાજ્યની ૧૪,૨૫૦ ગ્રામ પંચાયતોમાં કરવામાં આવશે. CM ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી ગાંધી જયંતિથી પ્રારંભ થનારા રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાન ક્લિન ઈન્ડિયા અને ‘અમૃત ૨.૦ મિશનહ્નના અભિયાનના ગુજરાત રાજ્યમાં આયોજનને આખરી ઓપ આપ્યો હતો. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીઓએ આ આયોજનની વિસ્તૃત વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી. પ્રવક્તા મંત્રીઓએ કહ્યું કે, મહાત્મા ગાંધીજીના ગ્રામ સ્વરાજ અને ગ્રામોત્થાનના વિચારને વધુ ઉન્નત સ્તરે મૂર્તિમંત કરવાના ઉદ્દેશ્યથી ૨ ઓક્ટોબરે રાજ્યભરની ૧૪,૨૫૦ ગ્રામ પંચાયતોમાં સવારે ૧૦ થી ૧૧ વાગ્યા દરમ્યાન ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ ગ્રામસભાઓ અંતર્ગત બનાસકાંઠાના પાલનપૂર તાલુકાની પીપલી ગ્રામ પંચાયતની ગ્રામસભામાં જલ જીવન મિશન અમલીકરણ અંગે સીધો સંવાદ કરશે તેમ પણ મંત્રીઓએ ઉમેર્યુ હતું. વડાપ્રધાન સવારે ૧૧ કલાકે ગ્રામસભાઓને સંબોધન કરી માર્ગદર્શન આપશે અને તેનું જીવંત પ્રસારણ તમામ ૧૪,૨૫૦ ગ્રામ પંચાયતોમાં થશે એવું આયોજન રાજ્યના પંચાયત-ગ્રામવિકાસ વિભાગ દ્વારા કરવામાં આવેલું છે. પ્રવક્તા મંત્રીઓએ એમ પણ જણાવ્યું કે, ગુજરાતમાં સપ્ટેમ્બર-૨૦૨૨ સુધીમાં જલ જીવન મિશનનો લક્ષ્યાંક પૂર્ણ કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. રાજ્યમાં ૯૨.૯૨ લાખ ઘરો સામે ૮૧.૪૧ લાખ ઘરો એટલે કે ૮૭.૬ ટકા ઘરોનું નળ જોડાણ પૂર્ણ થઈ ગયુ છે, બાકી રહેલા ઘરોમાં આગામી ૧ વર્ષમાં જોડાણ પૂર્ણ કરાશે તેમ તેમણે કહ્યું હતું. ગ્રામસભાઓમાં જે એજન્ડાનો સમાવેશ થયો છે તેની વિગતો આપતાં પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે, વિલેજ એકશન પ્લાન, હર ઘર જલ, પાણીના ઉપલબ્ધ સ્ત્રોત, પાણી સમિતી પાણીની ગુણવત્તા વગેરે અંગે પણ ચર્ચા-વિમર્શ અને માર્ગદર્શન અપાશે. તેમણે જણાવ્યું કે, પૂજ્ય બાપૂના ‘સ્વચ્છતા ત્યાં પ્રભૂતાહ્નના સંદેશને આત્મસાત કરતાં સમગ્ર દેશમાં જે ક્લિન ઈન્ડિયા કાર્યક્રમનો પ્રારંભ થવાનો છે તેનો પણ ગુજરાતના વિવિધ ગામો-નગરોમાં જનભાગીદારીથી પ્રારંભ કરાશે. ગ્રામસભાઓમાં જલ જીવન મિશન, સ્વચ્છતા અંગે જનજાગૃતિ, કોવિડ-૧૯ વેક્સિનેશન માટે જનજાગૃતિ અને વતનપ્રેમ યોજના સહિત ૧૫માં નાણાપંચની કુલ રૂ. ૫૫૫૭ કરોડની ગ્રાન્ટમાંથી કરવાના થતા કામો અંગે માર્ગદર્શન અપાશે. ક્લિન ઈન્ડિયા કાર્યક્રમ અન્વયે ગ્રામ્યકક્ષાએ પાણીજન્ય તથા મચ્છરજન્ય રોગોથી બચવા માટે જરૂરી રોગનિવારક પગલાં, સમગ્ર ઓક્ટોબર મહિના દરમ્યાન દરેક ગામોમાં સફાઈ ઝૂંબેશ મહાઅભિયાન હાથ ધરવામાં આવશે તેની પણ વિસ્તૃત છણાવટ પ્રવક્તા મંત્રીઓએ કરી હતી.

## ભારતમાં સાઈબર એટેકનો ખતરો હેકર્સનું ષડયંત્ર



નવી દિલ્હી,


મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, લખનઉ, કોલકાત્તા જેવા શહેરોમાં વીજ પૂરવઠો અને ઈલેક્ટ્રિક પરિવહનન ખોરવી નાખવા માટે સતત સાઈબર એટેક થઈ રહ્યા છે. દેશમાં અફરાતફરી મચી જાય એ માટે વિશેષ સર્વિસ આપતા ૧૮ સેક્ટરને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. દેશની સાઈબર સુરક્ષા એજન્સી સીઆઈઆરટી-ઈનના કહેવા પ્રમાણે ૨૦૧૯માં ૩.૯૪ લાખ સાઈબર એટેક દેશના ૧૮ સેક્ટર પર થયા હતા. શહેરમાં અરાજકતા ફેલાઈ જાય અને અકસ્માતો વધી જાય. એવી જ રીતે ઈલેક્ટ્રિક સિસ્ટમથી ચાલતી પરિવહન સર્વિસ ઠપ થઈ જાય તો? બધા આધુવચ્ચે ફસાઈ પડે. પાણીની સપ્લાય બંધ થઈ જાય તો નાગરિકો પરેશાન થઈ જાય. આવી અરાજકતા ફેલાય તો દેશમાં આંતરિક અસંતોષ વધે. એવી સ્થિતિ વારંવાર સર્જવા માટે દુશ્મન દેશના સાઈબર આતંકવાદીઓ સક્રિય થયા છે. દેશના ૧૮ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરને નિશાન બનાવવાનું ષડયંત્ર રચાયું છે. જેમાં પેમેન્ટ સર્વિસ, બેંકિંગ, આઈટી પોર્ટલ, રેલવે પોર્ટલ, સંરક્ષણ, રસાયણ, પરમાણુ, ફૂડ અને એગ્રીકલ્ચર, હેલ્થ, પાણી, પરિવહન, વીજળીના વિભાગો ઉપર સતત સાઈબર એટેક થઈ રહ્યા છે. આ અટકાવવા માટે નિષ્ણાતોએ આર્મીની જેમ ખાસ સાઈબર-આર્મી વિકસાવવાની સલાહ આપી છે.ભવિષ્યમાં થનારા હુમલાને રોકવા માટે અને દેશની વિવિધ પબ્લિક સર્વિસને રક્ષણ આપવા માટે નિષ્ણાતોની સાઈબર આર્મી બનાવી હોય તો ખતરાને ખાળી શકાય. તેની સામે ૨૦૨૦માં ૧૧.૫૫ લાખ સાઈબર હુમલા થયા હતા. એટલે કે એક જ વર્ષમાં સાઈબર હુમલામાં ત્રણ ગણો વધારો થયો હતો.ધારો કે મુંબઈ-દિલ્હી જેવા શહેરમાં વીજળી પ્રોવાઈડ કરતી સિસ્ટમ ખોરવાઈ જાય તો શું થાય? શહેરમાં અંધારપટ્ટ છવાઈ જાય અને દહેશતનો માહોલ સર્જાય જાય. આખા શહેરમાં બધે જ ટ્રાફિકના સિગ્નલ ગ્રીન થઈ જાય તો શું થાય? ભારત હેકર્સના નિશાના પર છે. સાઈબર આતંકવાદીઓ અને દુશ્મન દેશો સાઈબર એટેકથી દેશમાં અરાજકતા ફેલાવવા માગે છે. ભારતમાં એક જ વર્ષમાં સાઈબર એટેકમાં ત્રણ ગણો વધારો થયો છે. જાહેર ક્ષેત્રની સર્વિસ આપતા વિભાગોને દુશ્મન દેશોના સાઈબર આતંકીઓ સતત ટાર્ગેટ કરે છે.

## EDએ NBFC પાસેથી ૧૩૧ કરોડનું ફંડ જપ્ત કર્યું




નવી દિલ્હી,

ભારતીય મૂળની કંપની પીસીએફએસની સ્થાપના ૧૯૯૫માં ભારતીય રહેવાસીએ કરી હતી અને તેને ૨૦૦૨માં એનબીએફસી લાઈસન્સ મળ્યુ હતુ. રિઝર્વ બેક્ની ૨૦૧૮માં મંજૂરી પછી તેની માલિકી ચાઈનીઝ માલિકીની કંપની પાસે ગઈ હતી. ઈડીનો આરોપ છે કે પીસીએફએસે ભારતની બહાર ગેરકાયદેસર રીતે જંગી નાણા ટ્રાન્સફર કર્યા છે. તેમા અસ્તિત્વ ધરાવતા ન હોય તેવા સોફટવેરની આયાત કરી હોવાનું દર્શાવીને અને માર્કેટિંગ સર્વિસિસ પૂરા પાડતા હોવાનું દર્શાવીન વિદેશમાં ભંડોળ ટ્રાન્સફર કર્યુ છે અને આ ભંડોળને સંલગ્ન વિદેશી કંપનીઓના ખાતામાં રાખવામાં આવ્યુ છે. આ રીતે તેણે ફોરીન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમ્સ)નો ભંગ કર્યો છે. રિઝર્વ બેંકે આ ભંગ અંગે જણાવ્યું છે. તેથી ઈડીએ તેના વિવિધ બેંક અને પેમેન્ટ ગેટવેમાં ૧૩૧.૧૧ કરોડનું ભંડોળ જપ્ત કર્યુ છે. તેણે આ જ એનબીએફસી પાસેથી ઓગસ્ટમાં ૧૦૬.૯૩ કરોડ જપ્ત કર્યા હતા.એન્ફાર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ગુરુવારે જણાવ્યું હતું કે તેણે ચાઈનીઝની માલિકીની એનબીએફસી પાસેથી ૧૩૧ કરોડના ભંડોળને જપ્ત કર્યુ છે. તેમા ફોરીન એક્સચેન્જના નિયમોનો ભંગ કરવામાં આવ્યો હતો. નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (એનબીએફસી) પીસી ફાઈનાન્સિયલ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ અને તેનો કારોબાર મોબાઈલ એપ્લિકેશન કેશબીન દ્વારા ઈન્સ્ટન્ટ પર્સનલ માઈક્રો લોન્સ પૂરી પાડે છે. તેમા વિદેશી નાણાના શંકાસ્પદ રોકાણની સંભાવના છે. આ કેસ ઈડીના રાડારા પર ત્યારે વ્યો જ્યારે ઘણી બધી એનબીએફસી અને ફિનટેક કંપનીઓ મોબાઈલ એપ્સ દ્વારા ઈન્સ્ટન્ટ પર્સનલ લોન પૂરી પાડે છે. આ લોન અત્યંત ઊંચા દરે પૂરી પાડવામાં આવે છે અને ગ્રાહકના ડેટાનો ગેરકાયદેસર રીતે ઉપયોગ કરીને અને કોલ સેન્ટરો દ્વારા તેને ધમકી આપીને તેની પાસેથી નાણા પડાવે છે. આ પ્રકારના એપ્સની ગેરકાયદેસરતા અને બિનઅધિકૃતતા અંગે ગયા વર્ષે કેટલાય રાજ્યોમાં રિપોર્ટિંગ થયું હતું. કોરોનાના લીધે કેટલાય લોકોએ આ રીતે ઊંચા વ્યાજે લોન લીધા પછી આ શંકાસ્પદ કંપનીઓની ધમકી અને ગુંડાગીરીનો સામનો કરવો પડયો હતો. પીસીએફએસ મેક્સિકોની એસએ ડી સીવી ઓપ્લે ડિજિટલ સર્વિસિસની પૂર્ણ માલિકીની પેટા કંપની છે, જેનું સંચાલન હોંગકોંગની ટેનસ્પોટ પેસા લિમિટેડની ડબલ્યુઓએસ દ્વારા થાય છે. તેની માલિકી કેમેન ટાપુ સ્થિત ઓપેરા લિમિટેડ અને વિઝડમ કનેકશન આઈ હોલ્ડિંગની છે, જેની માલિકી ચાઈનીઝ રહેવાસી ઝાઉ યાન્હુઈની છે.

દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દિવાનાપણું, વ્યભિચાર, જુગાર વગેરે આવે છે. જો આપણે દારૂની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને એક જેલમાંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. દારૂડિયાથી સંયમ ન જાળવી શકાય એ કોનાથી અજાણ્યું છે ? એટલે મારી ઉમેદ છે કે વિવેકથી, પશુબળ વાપર્યા સિવાય, સમજણથી ‘દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયત્ન દરેક માણસ કરે’

-મહાત્મા ગાંધી

નશાબંધી અને આબકારી કચેરી, ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૦-૨૦૨૧ થી તા. ૦૮-૧૦-૨૦૨૧ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સંદેશો

I am happy to know that Gujarat Government is observing 'Prohibition Week' from October 2-8, 2021 to commemorate the birth anniversary of the Father of the Nation-Mahatma Gandhi.

During our freedom struggle, Gandhiji identified consumption of alcohol as a major social evil affecting the health and moral fabric of our society. As Gandhiji once said, "alcohol ruins one physically, morally, intellectually and economically". The celebration of the 'Prohibition Week' every year on the occasion of the birth anniversary of the Father of the Nation is the most appropriate tribute for the selfless services done by him for the upliftment of poor and down trodden sections of the our society.

The prohibition policy in Gujarat has greatly contributed to the general well being and prosperity of its people, particularly the marginalised sections of the society.

I am sure the observance of the 'Prohibition Week' by the State Government will go a long way in enhancing the awareness about injurious effects of alcohol on physical and mental health of a person.

On the occasion of Prohibition Week, I extend my best wishes to Gujarat Government and all the citizens of the state.

**Vice-President, India**

मुझे यह जानकर बहुत प्रसन्नता हो रही है कि हर वर्ष की तरह इस वर्ष भी राज्य सरकार ने २ अक्टूबर से ८ अक्टूबर, २०२१ तक राष्ट्रपिता महात्मा गांधीजी की जन्म-जयंती के अवसर पर पूरे राज्य में "नशाबंदी सप्ताह" मनाने का निर्णय लिया है।

नशीले पदार्थों के सेवन से होने वाले घातक दुष्परिणामों से लोगों को अवगत कराना और नशामुक्ति के प्रति समाज को जागरुक करना "नशाबंदी सप्ताह" का मुख्य उद्देश्य है। मेरा मानना है कि नशे की बुराई को खत्म करने की दिशा में ईमानदारी और केंद्रित प्रयासों के जरीये ही नशाबंदी के लक्ष्य को हासिल किया जा सकता है।

सत्य और अहिंसा के महान दूत महात्मा गांधीजी नशाबंदी के प्रबल समर्थक थे। उनका मानना था कि ईमानदारी तथा निष्ठपूर्वक नशाबंदी का अनुपालन समाज के गरीब और कमजोर वर्गों के जीवन को उज्जवल और बेहतर बनाने का काम कर सकता है।

मैं गुजरात सरकार के नशामुक्त समाज के निर्माण के दृढ़ संकल्प की सराहना करता हूँ, क्योंकि राज्य में नशाबंदी नीति के सख्त क्रियान्वयन के कारण से ही आज गुजरात राज्य शांतिपूर्ण, सुरक्षित, खुशहाल और एक समृद्ध राज्य के रुप में अग्रिम स्थान पर है।

मुझे पूर्ण विश्वास है कि राज्य सरकार जनशक्ति को प्रेरित करके "नशाबंदी सप्ताह" जैसे विभिन्न प्रयासों से नशाबंदी को राज्य में पूर्ण रुप से सार्थक करेगी, जो वास्तव में, राष्ट्रपिता महात्मा गांधीजी के प्रति हमारी सच्ची श्रद्धांजलि होगी।

आइए ! हम जन जागरुकता के प्रत्येक प्रयासों में अपना योगदान दें और स्वस्थ एवं नशामुक्त समाज का निर्माण करें।

**(आचार्य देवव्रत) राज्यपालश्री, गुजरात राज्य**

વ્યસન એ વિવેકનો શત્રુ છે. દારૂનો નશો એ સામાન્ય અને ગરીબ પરિવાર માટે દૈત્ય બનીને આવતું દૂષણ છે. સમગ્ર સમાજને માટે લાંછનરૂપ અને વ્યક્તિને વિવેકહીન બનાવતી આ લત વિરુદ્ધ જેટલું લખાય તેટલું ઓછું પડે.

ગુજરાતની સ્થાપનાથી જ આપણે ત્યાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાની કડકાઈ અમલમાં રહી છે.

**મહાત્મા ગાંધીના જન્મદિન ૨જી ઓક્ટોબરથી ૮ ઓક્ટોબર સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી** એક નૈષ્ઠિક નિર્ણય અને આવકારદાયક આયોજન છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા આ દિશામાં અનેકવિધ પ્રવૃત્તિઓ થતી હોય છે.** ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણથી વિકાસની વાટને વધુ પ્રાસ્તાવિક બનાવવા સરકાર અને વ્યક્તિગત સંસ્થાઓના પ્રયાસો થકી ઉજવણીને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહયોગી સર્વને અભિનંદન પાઠવું છું.

**મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ દેશને આપેલા રચનાત્મક કાર્યક્રમનું એક અંગ એટલે **"નશાબંધી"**. ગમે તેટલી વિરાટકાય યોજનાઓ હાથ ધરીએ, આવક વધારીએ પરંતુ જ્યાં સુધી સમાજમાં નશાના દૂષણના માર્ગ ખુલ્લા હોય ત્યાં સુધી વ્યક્તિ, દેશ કે સમાજની આર્થિક પ્રગતિ થતી નથી.

**ગુજરાતમાં નશાબંધી ઉત્તરોત્તર વધુને વધુ સફળ થતી રહી છે,** આ કાર્યક્રમને રાજ્યના બધા વર્ગોનો સહકાર મળી રહ્યો છે. યુવાઓ, સામાજીક કાર્યકરો, ગામ આગેવાનો, સામાજીક અને સેવાભાવી સંસ્થાઓ તેમજ નશાબંધી અને આબકારી ખાતું જે રીતે સમાજ જાગૃતિનું કામ કરી રહેલ છે તે જોતાં મને વિશ્વાસ છે કે, ગુજરાતમાં નશાબંધીનું અભિયાન સામાજીક સ્વીકૃતિ સાથે સફળ નિવડશે.

પ્રગતિશીલ રાજ્ય તરીકે ગુજરાતની આગવી ઓળખ પ્રસ્થાપિત થઈ છે, તેમાં પણ નશાબંધીની નીતિ અગત્યની રહી છે. આથી જ રાજ્ય સરકાર ઉત્તરોત્તર નશાબંધી નીતિ અને કાયદાને વધુ અસરકારક અને સંપ્રિત બનાવવાના હેતુથી સતત યોગ્ય નિર્ણયો લઈને કડક અમલવારી કરી રહેલ છે.

નશાકારક દ્રવ્યો વિરુદ્ધની લડત એ જ પૂજ્ય બાપુને આપેલી સાચી શ્રદ્ધાંજલી છે. માટે આવો ! આપણે સૌ સાથે મળી આ અભિયાનને અવિરત આગળ ધપાવીએ સૌને આ બદીથી સર્વથા મુક્ત કરવા માટે પ્રેરિત કરવાના શુભ આશય અને દ્રઢ સંકલ્પ સાથે આ નશાબંધી સપ્તાહની ઉજવણી કરીએ.

**રાજ્યકક્ષાના મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**
**(નશાબંધી અને આબકારી)**

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર ખાતે રાજ્યમંત્રી કુબેરભાઇ ડીંડોરની અધ્યક્ષતામાં સાતમો યુવા મહોત્સવ યોજાયો

લુણાવાડા,

રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ ગાંધીનગર અને જિલ્લા રમત ગમત કચેરીના સંયુક્ત ઉપક્રમે આયોજીત મહીસાગર જિલ્લા કક્ષાનો સાતમો યુવા મહોત્સવ જે.એચ.મહેતા હાઈસ્કૂલ સંતરામપુર ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વૈધાનીક બાબતોના રાજ્યકક્ષા મંત્રી કુબરેભાઇ ડીંડોરની અધ્યક્ષતામાં અને જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમારની વિશેષ ઉપસ્થિતમાં યોજાયો હતો.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મંત્રી કુબેરભાઇ ડીંડોરે પોતાની માતૃ શિક્ષણ સંસ્થાને વંદન કરતા બાળકો સાથે સંવાદ સાધ્યો હતો. વધુમાં તેમણે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા ખીલવવા માટે રાજ્ય સરકારના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા આયોજીત યુવા મહોત્સવ જેવા કાર્યક્રમ કૌશલ્યઉજાગર કરવાનું કાર્ય કરતા હોય છેઅને યુવા પ્રતિભાઓને વિકસવાની તક મળે છે તેમ જણાવી ભાગ લેનાર તમામ સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી હતી.

પ્રાસંગીક ઉદબોધનમાં જિલ્લા કલેક્ટર મનીષકુમારે કાવ્યાત્મક અંદાજમાં અટલજીની કાવ્ય પંક્તિઓ છોટે મન સે કોઈ બડા નહી હોતા, ટુટે મન સે કોઈ ખડા નહી હોતા ટાંકીને દિલ થી અને મનથી યુવાન બનીને ઉર્જા સભર બનવા યુવા પ્રતિભાઓ સહિત સૌને પ્રેરણા અને પ્રોત્સાહક માર્ગદર્શન આપ્યું હતું.

પ્રારંભમાંપ્રાર્થના સ્વાગત ગીતસાથે મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્ય કરી યુવા મહોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં જિલ્લાની વિવિધ શાળાઓના મોટી સંખ્યામાં સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા જેમાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા ચિત્ર સ્પર્ધા, સર્જનાત્મક કારીગરી, ભજન હળવું કંઠ્ય સંગીત, એક પાત્રીય અભિનય જેવી વિવિધ વિભાગની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જિલ્લા રમતગમત કચેરીના માર્ગદર્શન હેઠળ આજુ બાજુની તમામ શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રમોત્સવમાં નગરપાલીકા પ્રમુખ સુનિતાબેન, પ્રાંત અધિકારી કૌશીક જાદવ, મામલતદાર વાઘેલા, અગ્રણી દશરથભાઈ બારીયા, કે.પી. એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ કીરીટભાઇ ઉપાદયાય, જે.એચ.મહેતા હાઈસ્કૂલના આચાર્ય તેમજ સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ અને કન્યા પ્રા.શાળામાં ફાયર સેફટીના અભાવે સીલ કરાઈ

સંતરામપુર,

સંતરામપુર નગરપાલિકા દ્વારા ફાયર સેફ્ટીની સુવિધા ન હોવાના કારણે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ અને કન્યા પ્રાથમિક શાળાની સીલ કરવામાં આવી ગુજરાત સરકાર અને નામદાર કોર્ટના નિયમ અનુસાર સુચના મુજબ સંતરામપુર નગરપાલિકા દ્વારા ફાયર સેફ્ટી વિનાની સ્ટેટ હોસ્પિટલ અને પ્રાથમિક શાળા આજરોજ નગરપાલિકાના કર્મચારી દ્વારા સીલ મારવામાં આવેલો હતો. સંતરામપુર નગરપાલિકા દ્વારા ફરજિયાત હોસ્પિટલો સંસ્થાઓ મોટી દુકાનો મોલ સ્કૂલ કોલેજો તમામ જગ્યાએ સરકારના નિયમ અનુસાર ફાયર સેફ્ટી હોવી જરૂરી છે. જો ફાયર સેફ્ટીનો સુવિધાના હોય તો નગરપાલિકા દ્વારા સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ અને કન્યા શાળા બંને જગ્યા આજે સીલ કરવામાં આવેલી હતી. વધુમાં જણાવેલ કે, નગરપાલિકાના ચીફ ઓફિસર સંતરામપુર નગરમાં વિઝીટ કરવામાં આવશે હોસ્પિટલો સંસ્થાઓ કોલેજ મોટા મોલ ફાયર સેફ્ટીની સુવિધા નહીં હોય તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને સીલ કરી દેવામાં આવશે નગરપાલિકાના ચીફ ઓફિસર દિપસિંહ ના હઠીલા જણાવ્યું હતું.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

# મહીસાગર જિલ્લાના ખેડૂતો જોગ : રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવથી મગફળી, ડાંગર, મકાઈ અને બાજરીની ખેડૂતો પાસેથી સીધી ખરીદી

લુણાવાડા,

ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૧-૨૨ માં રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર,મકાઈ અને બાજરીની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવનાર છે.

લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ VCE દ્વારા તથા તાલુકા કક્ષાએ APMC ખાતે તા.૦૧/૧૦/૨૦૨૧ થી શરૂ થશે. મગફળી અંગેની નોંધણી તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૩૧/૧૦/૨૦૨૧ સુધી કરવામાં આવશે. ડાંગર,મકાઈ અને બાજરી અંગેની નોંધણી તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૧૬/૧૦/૨૦૨૧ સુધી કરવામાં આવશે. તે મુજબ નોંધણી કરાવવા તમામ ખેડૂતોને આથી જાણ કરવામાં આવે છે.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭,૧૨,૮-અ ની નકલ ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યમાં મગફળી, ડાંગર, મકાઈ તથા બાજરી પકવતા ખેડૂતો તેઓનો પાક લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયત અને તાલુકા કક્ષાએ અડખઈનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ છે.

નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે. તેમ નાયબ જિલ્લા મેનેજર (ગ્રડ-૨) ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લીમીટીડ મહીસાગરની અખબારીયાદીમાં જણાવાયું છે.

# પંચમહાલ સ્ટેટ તથા પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાયું માર્ગ સુધારણા અભિયાન



ગોધરા,

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે તા.૧લી ઓક્ટોબરથી રાજ્યભરમાં માર્ગ મરામત અભિયાન હાથ ધર્યું છે. જે અંતર્ગત મરામતની જરૂર હોય તેવા ધોરી માર્ગો-રસ્તાઓ વિશે નાગરિકો પાસેથી માહિતી, ફરિયાદો મેળવી માર્ગ સુધારણા કરવામાં આવી રહી છે. આ અભિયાન હેઠળ પંચમહાલ જિલ્લામાં પણ ચોમાસા સહિતનાં કારણોસર માર્ગોની સ્થિતિ બગડી હોય, ધોવાણ થયું હોય કે ખાડા પડ્યા હોય, ઝાડી-ઝાંખરાના કારણે અવરોધ ઉભો થયો હોય તો જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ અને પંચાયત) દ્વારા મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) તરફથી પ્રાપ્ત થયેલ વિગતો અનુસાર આ અભિયાન અંતર્ગત માર્ગો માટે મરામતની જરૂરિયાત અંગે માર્ગ અને મકાન (સ્ટેટ)ને લગતી કુલ ૩૨ ફરિયાદો મળી હતી. બોડેલી હાલોલ રોડ, શહેરા વાઘજીપુર નાડા રોડ, ભાટના મુવાડા એપ્રોચ રોડ, ભૂરખલ મોરવા રોડ સહિતના ધોરી માર્ગો પર પેવર પટ્ટા, ડામરનું પેચ વર્ક સહિતના જરૂરી મરામત કાર્યો હાથ ધરીને આજની સ્થિતિએ ૨૮ ફરિયાદોનું નિવારણ લાવવામાં આવ્યું છે, બાકીના ૪ સ્થળોએ મરામતકાર્યો પ્રગતિ હેઠળ છે. જે માટે વિભાગ દ્વારા ટીમો કાર્યરત કરવામાં આવી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોને એકબીજા સાથે જોડતા માર્ગો માર્ગ અને મકાન (પંચાયત) હેઠળ આવે છે. માર્ગ અને મકાન (પંચાયત) દ્વારા ૪ ટીમો કાર્યરત કરી રીંછવાણી-શનિયાડા રોડ (ઘોઘંબા), કાંકરી કબ્રસ્તાન રોડ, નદીસર-ટોડાનાં મુવાડા સહિતના સ્થળોએ પેચવર્ક, ઝાંડી-ઝાંખરી હટાવી માર્ગ ખુલ્લો કરવા સહિતના મરામત કાર્યો કરવામાં આવ્યા છે. આ મરામત અભિયાન ૧૦ ઓક્ટોબર સુધી ચાલુ રહેશે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

સુખસરમાં ભાજપ દ્વારા જન આશીર્વાદ સભાનું આયોજન કરવામાં આવ્યું. સભામાં મંત્રી કુબેરભાઈ ડીડોર તથા વિધાનસભા દંડક રમેશભાઈ કટારાનું સન્માન કરવામાં આવ્યું.

# સંજેલીમાં સરોરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૧૩ ટિમો બનાવી વિવિધ વિસ્તારોમાં ડોર ટુ ડોર સર્વ હાથ ધરાયો

સંજેલી,

સંજેલી નગરમાં આજરોજ સરોરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૧૩ જેટલી આરોગ્ય કર્મીઓની ટુકડી બનાવી સંજેલીના વિવિધ વિસ્તારોમાં સર્વ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં આરોગ્ય કર્મીઓ દ્વારા ઘર દીઠ પરિવારના લોકોની તપાસ કરી પીવાના પાણીઓ ટાંકીઓમાં પોરા નાશક પોરાને નાશ કરવાની કામગીરી હાથ ધરી હતી. આરોગ્ય કેન્દ્ર દ્વારા પ્રજાના આરોગ્યના જોખમાય તે માટે વિવિધ ફળિયાઓમાં જઈને પાણીની ટાંકીઓનું સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તેમજ આરોગ્યલક્ષી માર્ગદર્શન આપી પ્રજાને સચેત રહેવા સૂચના આપી હતી. જેમાં સંજેલીના સરોરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સંજેલી નગરમાં ૮૦૯ ઘરોની મુલાકાત કરી આરોગ્યની કાળજી લીધી હતી. જેમાં ૧૩ જેટલા તાવના કેસ મળી આવ્યા હતા. તેમજ છેલ્લા અઠવાડિયે જેઓને તાવ આવ્યો હોય તેવા દર્દીઓના લોહીના નમૂના લઈ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. સરોરી આરોગ્ય કેન્દ્ર દ્વારા ૧૩ જેટલી ટીમો બનાવી સંજેલી નગરના ૮૦૯ જેટલા ઘરોની સ્વાસ્થ્ય લક્ષી સર્વ હાથ ધરવામાં આવ્યો હતો તેમજ પાણીની ટાંકીઓ,બેરલ, ટાયર, ટબ તેમજ સર્ચ ઓપરેશન કરી પોરાનું નાશ કરવાની કામગીરી કરીને આરોગ્ય વિશે પ્રજાને સચેત કરી સમજણ આપવામાં આવી હતી. જેમાં સરોરી આરોગ્ય કેન્દ્રની ટીમ, આશાવર્કરો બહેનો સહિત સ્ટાફ દ્વારા સર્વની કામગીરી હાથ ધરવામાં આવી હતી.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

# સંતરામપુર તાલુકાના સંત પ્રા.શાળામાં બાળ સાંસદની ચુંટણી યોજાઈ



સંતરામપુર,

સંતરામપુર તાલુકાની સંત પ્રાથમિક શાળામાં બાળ સંસદ ચૂંટણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો સંતરામપુર તાલુકાનું સંત પ્રાથમિક શાળામાં બાળ સંસદ ચૂંટણી કઈ રીતે યોજાય છે. પ્રાથમિક પ્રાથમિક શાળાના બાળકો અલગ અલગ રીતે પ્રેક્ટીકલ રીતે ચૂંટણી કઈ રીતે થાય તે બતાવો માં આવેલું હતું. કઈ રીતે કરી શકાય ડિજિટલ રીતે શીખવાડવામાં આવેલું હતુ. ચૂંટણીમાં કયા માણસો કઈ રીતે ઉભા રહે કેટલા કર્મચારી કે અધિકારી જોઈએ તે તમામ ચુંટણીના માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલું હતું.

# ઝાલોદ તાલુકાના કંબોઈ ધામે રાજય સરકારના પ્રધાન કુબેર ડીડોરની જન આર્શીવાદ યાત્રાનું સ્વાગત કરાયું



ઝાલોદ,


ગોવિંદ ગુરૂના સમાધી સ્થળે રાજય સરકારના નવીન પ્રધાન કુબેરભાઇ ડીડોર રાજયના વિધાનસભાના નાયબ દંડક રમેશભાઇ કટારાની ઉપસ્થિતમાં જન આર્શીવાદ યાત્રાનું સ્વાગત કરાયું.

ઝાલોદ તાલુકાના કંબોઈ ધામે ગુરૂ ગોવિંદની સમાધી સ્થળે ભાજપની જ આશિર્વાદ યાત્રાનું સ્વાગત તેમજ અભિવાદન યોજાયો હતો. ઝાલોદના માજી ધારાસભ્ય મહેશભાઇ ભુરીયા તેમજ ભાજપના મોટી સંખ્યામાં કાર્યકરો સહિત જંગી જનમેદની આશીર્વાદ યાત્રામાં ઉપસ્થિત રહી હતી. સંતરામપુરના ધારાસભ્ય તેમજ રાજ્યકક્ષાના મંત્રી કુબેરભાઈ ડીડોરની આગેવાનીમાં યોજાયેલા જન આશીર્વાદ યાત્રામાં દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર, ફતેપુરાના ધારાસભ્ય તેમજ વિધાનસભાના દંડક રમેશ કટારા, સહિત ભાજપના પદાધિકારીઓ તેમજ કાર્યકર્તા સાથે ફતેપુરા થી શરૂ થયેલી જન આશીર્વાદ યાત્રા સુખસર ઝાલોદ બાદ લીમડી નજીક આવેલા ગુરૂ ગોવિંદસિંહજીની સમાધી કંબોઈ ધામ ખાતે આવી પહોંચી હતી. જ્યાં રાજ્યકક્ષાના મંત્રી કુબેરભાઈ ડીડોર, દાહોદના સાંસદ ફતેપુરાના ધારાસભ્ય, પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા, કૃષ્ણરાજ ભુરીયા તેમજ ભાજપના પદાધિકારીઓએ ગુરૂ ગોવિંદ સમાધિ સ્થળ પર જઈ પ્રથમ ચાદર તેમજ ધજા ચડાવી ગુરૂ ગોવિંદની આરતી ઉતારી સમાધિ નજીક સભા સ્થળ પર પહોંચ્યા હતા. જ્યાં મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓ વચ્ચે આશીર્વાદ યાત્રા યોજાઈ હતી.

# પંચમહાલ જિલ્લામાં ૨ થી ૮ ઓક્ટોબર સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી ગાંધીઆશ્રમ ખાતે ઉદઘાટન કાર્યક્રમ યોજાશે

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં તા. ૨ ઓક્ટોબર, ૨૦૨૧થી તા. ૮ ઓક્ટોબર, ૨૦૨૧ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી હાથ ધરવામાં આવશે. જે અંતર્ગત આવતીકાલે ૨ ઓક્ટોબરનાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે ગોધરામાં ગાંધી આશ્રમ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે ઉજવણી સપ્તાહનો ઉદઘાટન કાર્યક્રમ યોજાશે. જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા કાર્યક્રમના અદયક્ષસ્થાને ઉપસ્થિત રહેશે. આ ઉજવણી અંતર્ગત તા. ૩ ઓક્ટોબરના રોજ ગોધરા તાલુકાના નાની કાંટડી ખાતે અને તા. ૪ ઓક્ટોબરના રોજ રાણીપુરા ખાતે નશાબંધી પ્રચાર-પ્રસાર અંગે શેરી નાટકનો કાર્યક્રમ, તા. ૫ ઓક્ટોબરના રોજ કાલોલ તાલુકાના અડાદરા ખાતે તેમજ તા.૬ ઓક્ટોબરના રોજ ઘોઘંબા તાલુકાના દેવની મુવાડી ખાતે લોકડાયરાનો કાર્યક્રમ, તા. ૭ ઓક્ટોબરના રોજ શહેરા તાલુકાના તરસંગ ખાતે નશાબંધી અંગે ભવાઈનો કાર્યક્રમ યોજાશે.



### દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ ગામે પોલીસ સ્ટેશનની નજીકમાં આવેલા એક

# ભાજપના અગ્રણીના ઘરેથી રૂા.૩૧,૬૨,૦૦૦ લૂંટ કરી લુંટારૂઓ ફરાર


દે.બારીયા,

દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ પોલીસ મથકની નજીકમાં પંચેલા ગામે રહેતા એપીએમસીના ચેરમેન તેમજ આ વિસ્તારના ભાજપના અગ્રણીને ત્યાં રાત્રિના દસથી બાર જેટલા લૂંટારૂઓ ત્રાટક્યા ૩૧ લાખ થી વધુની રોકડ તેમજ દર દાગીનાની લૂંટ ચલાવી લૂંટારૂઓ ફરાર લુટારૂઓ સીસીટીવીમાં કેદ બનાવની જાણ વાયુવેગે પ્રસરતા અનેક નેતાઓ તેમજ ગ્રામજનો દોડી આવ્યા બનાવને લઈ પોલીસ પણ ઘટનાસ્થળે પોલિસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ પોલીસ સ્ટેશનની નજીકમાં જ પંચેલા ગામે રહેતા એપીએમસીના ચેરમેન તેમજ ભાજપ પાર્ટીના આ વિસ્તારમાં નેતા તેવા ભરતભાઈ રણછોડભાઈ ભરવાડ અને ભાજપના અગ્રણી જે ગત તારીખ ૨૯/૦૯/૨૦૨૧ નાં રાત્રીના જમી પરવારી પરિવારજનો સાથે સુઈ ગયા હતા. ત્યારે રાત્રીના અઢી વાગ્યાના અરસામાં વાગ્યાના દસથી બાર જેટલા ચડ્ડી-બનિયાનધારી લૂંટારૂઓ મોં ઉપર બુકાની બાંધી ઘરના પાછળનો લોખંડના દરવાજા નું તાળું તોડી ઘરમાં પ્રવેશ્યા હતા. ત્યારે આ ભરતભાઈનો પુત્ર અન્ય રૂમમાં સૂતો હોય તેનો દરવાજો ખુલ્લો હોવાથી તેનો મોબાઈલ લઈ દરવાજો બહારથી બંધ કરી દીધો હતો અને જે રૂમમાં આ ભરતભાઈ ભરવાડ સૂઈ રહ્યા હતા. તે રૂમમાં પ્રવેશી તેને જગાડી આ લુટારૂઓ હાથમાં લોખંડની કોષ તેમજ લાકડીઓ લઈ ભરત ભરવાડ ના જમણા પગે એક લુંટારૂ એ લાકડી મારી પગની ઈજા



પહોંચાડી ભયનો માહોલ પેદા કરીને ભરત ભરવાડ કઈ સમજે તે પહેલાં જ તેને ધાક ધમકી આપતા અને તેનો પરિવારજનો આ ચોર લૂંટારોના બાનમાં હોવાથી કોઈપણ જાતનો પ્રતિકાર કર્યા વગર તૂટક હિન્દી ભાષા ગુજરાતી અને આદિવાસી ભિલોડી ભાષા બોલતા આ લૂંટારૂઓએ તેને પહેરેલ સોનાની ચેન, વીટી, સોનાની લકી, ઘડિયાળ જેવા દાગીના ઉતરાવી લઈ રૂમ માં તિજોરીમાં મુકેલા દરદાગીના તેમજ રોકડ મળી કુલ રૂપિયા ૩૧,૬૨, ૦૦૦નો મુદ્દામાલ લઈ આ લૂંટારૂઓ ધાક-ધમકી આપી ઘરનાં સભ્યોના મોબાઈલ લઈ બાજુમાં આવેલા લાકડાના પીઠામાં થી નાસી છૂટયા હતા. ત્યારે આ બુકાનીધારી લૂંટારૂઓ સીસીટીવીમાં પણ કેદ થયા હતા. ત્યારે આ બનાવની જાણ અન્ય આસપાસમાં રહેતા પરિવારજનોને કરતા પરિવારજનો દોડી આવ્યા હતા. જયારે આ બનાવ અંગેની જાણ વાયુવેગે પંથકમાં પ્રસરતાં સ્થાનિક ધારાસભ્ય જિલ્લાના પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ હોદ્દેદારો દોડી આવ્યા હતા. આ બનાવની જાણ પોલીસને થતા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભરત ભરવાડની પૂછપરછ કરી તેમજ સીસી ટીવીના ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસને રેલવે ટ્રેક તરફથી ચોરીને લઈ ગયેલ એક મોબાઈલ મળી આવેલ જયારે આ બનાવના બીજા દિવસે રેન્જ આઈજી તેમજ જિલ્લા પોલીસ વડા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી. ત્યારે આ બનાવને લઈ ભરતભાઈ ભરવાડે બીજા દિવસે પોલીસ ફરિયાદ આપતા પોલીસે આ અજાણ્યા લૂંટારૂઓને પકડવાના ચક્રોગતિમાન કર્યા છે. પોલીસ મથકની નજીકમાં તેમજ ભાજપના અગ્રણીને ત્યાં આ લૂંટનો બનાવ બનતા પોલીસની રાત્રિ પેટ્રોલિંગ સામે પણ અનેક સવાલો ઉઠવા પામ્યા છે.




# સંજેલી પંચાયતના સરપંચ અને તલાટીએ મુખ્ય રોડ પરનું વાંચનાલય વેચી માર્યું

સંજેલી,

સંજેલી પંચાયત દ્વારા વાંચનાલયનો પંચાયત સભ્યો અને ગ્રામજનોને અંધારામાં રાખીને ફરસાણના વેપારી અને સંજેલીના પ્રખ્યાત કરિયાણાના વેપારીને બારોબાર ઠરાવ કરી આપતા ગામના જાગૃત નાગરિક દ્વારા ટીડીઓને કામ બંધ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવાની રજુઆત કરવામાં આવી.

> સંજેલી સૂમીત ફરસાણ ઉપરના ખુલ્લા ધાબાની પંચાયતના સભ્યોને કે ગ્રામજનોને જાણ કર્યા વિના જ સરપંચ અને તેના મળતિયાઓ દ્વારા નગરના પ્રખ્યાત વેપારી અને ફરસાણની દુકાન ના માલેતુજારોને ઠરાવ કરી આપી અને બાંધકામ શરૂ કરતા બાંધકામ અટકાવી કાયદેસરની કાર્યવાહી કરવા માટે તાલુકા અધિકારી ને જાણ કરવામાં આવી છે.
> **સંજેલી ગ્રામ પં.સભ્યના પતિ અને જિલ્લા બષા મહામંત્રી સુરેન્દ્રસિંહ સોલંકી**

> સંજેલી ખાતે સુમીત ફરસાણ ઉપરના પંચાયતના ખુલ્લા ધાબા પર બાંધકામ બંધ કરાવવા અંગેની બે દિવસ અગાઉ સુરેન્દ્રસિંહ સોલંકી દ્વારા રજુઆત આવી છે.અને એ તપાસ કરવાની બાકી છે હાલ એ બાંધકામ શરૂ છે કે બંધ છે. તે બાબતની હું તપાસ કરાવી લઉં છું અને ઠરાવ બાબતની પણ સંજેલી તલાટી પાસે તપાસ કરાવી લઉં છુ.
> **તાલુકા વિકાસ અધિકારી સુરેશ ગાંવિત**

> સુમિત ફરસાણવાળી જમીન પંચાયતની આવેલી છે અને આ દાવાવાળી જમીનનો ઠરાવ સંજેલી સરપંચ કિરણભાઈ રાવતે કરાવ્યોછે. બાંધકામ કોણ કરે છે અને કેમ કરે છે એ હું જાણતો નથી.
> **તલાટી સંજેલી.વિજયસિંહ રાઠોડ**

સંજેલી ઝાલોદ રોડ પર આવેલ સુમિત ફરસાણ અને સંજેલીના પ્રખ્યાત કરિયાણાના વેપારી પ્રકાશ ઘેવર પંચાયતની દુકાનમાં કબજો ધરાવે છે. ઉપરના માળે વર્ષો પહેલા પંચાયતનું વાંચનાલય હતું પરંતુ નવું બાંધકામ થતાં ઉપરનું બાંધકામ ખુલ્લું છે.અને થોડા દિવસ અગાઉ જ સંજેલી તાલુકા વિકાસ અધિકારી દ્વારા વાંચનાલય માટે બે લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે પંચાયત દ્વારા વાંચનાલય બાંધકામ કરવાને બદલે સુમિત ફરસાણ ના વેપારી તેમજ જથ્થાબંધ કરિયાણાના વેપારી પ્રકાશ ઘેવર ને પંચાયતના સભ્યો તેમજ ગ્રામ સભામાં ઠરાવ કર્યા વિના જ બારોબાર ઠરાવ કરી આપતા બાંધકામ શરૂ કરતા ગામમાં ચર્ચાનો વિષય બન્યો છે.ત્યારે ઉપરના માળે બાંધકામ શરૂ થતાં જ જિલ્લા ભાજપા મહામંત્રી સુરેન્દ્રસિંહ સોલંકી દ્વારા બાંધકામ બંધ કરાવી ગેરકાયદેસર થયેલ ઠરાવ રદ કરી પંચાયતના સરપંચ તલાટી અને બાંધકામ કરાવનાર સામે યોગ્ય કાર્યવાહી કરવાની માટે સંજેલી તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરવામાં આવી હતી.તેમ છતા પણ તાલુકા અધિકારી દ્વારા આંખ આડા કાન કરી દેવામાં આવતાં કોઈ કાર્યવાહી ન કરાતા જિલ્લા અધિકારી દ્વારા તાત્કાલિક સ્થળ મુલાકાત લઈ બાંધકામ બંધ કરી કાર્યવાહી કરવામાં આવે તેવી તાલુકાના જાગૃત નાગરિક સહિત ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

# દાહોદ તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા પડતર માંગણીઓને માસ સીએલ ધરણાં પ્રદર્શન કર્યા

દાહોદ,

દાહોદ તાલુકા તલાટી કમ મંત્રી મડળ દ્વારા પોતાની વિવિધ પડતક માંગણીઓ સંદર્ભે આજરોજ માસ સી.એલ. ધરણા પ્રદર્શન દાહોદ તાલુકા પંચાયત કચેરી ખાતે યોજ્યું હતું. આ ધરણા પ્રદર્શનમાં દાહોદ તાલુકામાં સમાવિષ્ટ તલાટી કમ મંત્રીઓ મોટી સંખ્યામાં જોડાયાં હતાં.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ તાલુકા તલાટી કમ કમ મંત્રી મંડળની વિવિધ પડતર માંગણીઓમાં ૨૦૦૪ થી ૨૦૦૬ના વર્ષમાં નિમણુંક પામેલા તલાટી કમ મંત્રીના ફિક્સ પગારના સમયગાળાને પ્રાથમીક શિક્ષકની માફક સેવા સળંગ ગણી બઢતી પ્રવર્તતા ઉચ્ચતર પગાર ધોરણના લાભો આપવા, તારીખ ૦૧.૦૧.૨૦૧૬ બાદ મળવાપાત્ર પ્રથમ અને દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્તો બાબતે યોગ્ય નિર્ણય લઈ મંજુર કરવામાં આવે, તલાટી કમ મંત્રીને વિસ્તરણ અધિકારી આંકડા – વિસ્તરણ અધિકારીમાં સહકારમાં પણ પ્રમોશન આપવા, રેવન્યુ તલાટી તથા પંચાયત તલાટી મર્જ કરવા મહેસુલ વિભાગના ૨૦૧૭માં થયેલ પરિપત્રનો અમલ કરવા અને રેવન્યુ તલાટીન માફક તલાટી કમ મંત્રીને પ્રથમ ઉચ્ચતર ગ્રેડ પે ૪૪૦૦ આપવા, ૨૦૦૬માં નિમણુંક પામેલ તલાટી કમ મંત્રીને ૧૮.૦૧.૨૦૧૭ના થયેલ પરિપત્ર મુજબના લાભો આપી પ્રથમ ઉચ્ચતર ધોરણ મંજુર કરવામાં આવે, ઈ-ટાસ કે અન્ય ઉપરકરણથી તલાટી કમ મંત્રીની હાજરી પુરવાના નિર્ણયો રદ કરવામાં આવે, તલાટી ઉપરી થતાં હુમલા રોક્વા કાયદાકીય રક્ષણ આપવામાં આવે, એક ગામ એક તલાટીની નીમણુંક કરવામાં આવે, વિગેરે અનેક વિવિધ માંગણીઓ સાથે આજરોજ દાહોદ તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા દાહોદ તાલુકા પંચાયત કચેરી ખાતે એક દિવસ માટે માસ સી.એલ. ઉપર ઉતરી ધરણા પ્રદર્શન યોજ્યું હતું.

## વરસાદે વિરામ લેતા માર્ગ અને મકાન વિભાગ દ્વારા દાહોદમાં શરૂ કરવામાં આવ્યું માર્ગ મરામત અભિયાન

દાહોદ,

દાહોદ જિલ્લામાં ચોમાસામાં પડેલા વરસાદને લીધે રસ્તાઓને થયેલા નુકશાનનું સમારકામ વરસાદે વિરામ લેતા તાબડતોબ માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાયું છે. જિલ્લાના દરેક તાલુકાઓમાં રસ્તાઓને થયેલા નુકશાનનું સમારકામ કરવા જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ દ્વારા વ્યાપક ધોરણે માર્ગ મરામત અભિયાન છેડવામાં આવ્યું છે. વિભાગ દ્વારા વિવિધ તાલુકાઓમાં ટીમ તૈયાર કરીને રસ્તાઓ પર ડામર પાથરીને તાત્કાલિક રિપેર કરવામાં આવી રહ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.35

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લામાં

# રાજ્યમંત્રી નિમિષાબેન સુથારની આગેવાનીમાં જન આર્શીવાદ યાત્રા યોજાઈ





ગોધરા,
પંચમહાલ જીલ્લાના ઘોઘંબા, હાલોલ, કાલોલ અને ગોધરા ખાતે રાજયકક્ષાના મંત્રી નિમિષાબેન સુથારની જન આર્શીવાદ યાત્રાનું ઠેરઠેર ધમાકેદાર સ્વાગત કરવામાં આવ્યું.

રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકારની સિદ્ધિઓ અને જનહિતના કામોને જન જન સુધી પહોંચાડવા અને જન સમર્થનના હેતુ થી અત્યાર ગુજરાત રાજ્ય જન આર્શીવાદ યોજવામાં આવી રહી છે. તે અંતર્ગત પંચમહાલ જીલ્લા ઘોંઘબા ખાતેથી રાજયકક્ષાના મંત્રી નિમિષાબેન સુથારની આગેવાનીમાં જન આર્શીવાદ યોજવામાં આવી હતી. જન આર્શીવાદ યાત્રા હાલોલ, કાલોલ થઈને ગોધરા શહેર ખાતે પહોંચી હતી. જન આર્શીવાદ યાત્રામાં ઘોઘંબા, હાલોલ અને કાલોલ ખાતે માજી મંત્રી અને હાલોલ ધારાસભ્ય જયદ્રસિંહ પરમાર, છોટાઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવા, કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, જીલ્લા ભારતના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ હાજર રહ્યા હતા. આજરોજ પંચમહાલ જીલ્લામાં યોજવામાં આવેલ જન આર્શીવાદ યાત્રા પ્રસંગે જીલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ દ્વારા બીજેપી દ્વારા કરવામાં આવેલા કાર્યો અને સિદ્ધિઓ વર્ણવી હતી અને આગામી દિવસોમાં આવી રહેલી ચુંટણીઓમાં પણ ભારતીય જનતા પાર્ટીને સહકાર અને આર્શીવાદ આપવા વિંનતી કરી હતી. માજી મંત્રી જયદ્રથસિંહ પરમાર દ્વારા શાબ્દીક સ્વાગત અને પ્રાસંગિક ઉદ્દબોધન કરવામાં આવ્યું. રાજ્ય સરકાર વતી હાજર રહેલા મંત્રી નિમિષાબેન સુથાર દ્વારા હાજર જનતાના પ્રેમ અને આદર બદલ ખુશી વ્યકત કરી હતી. સાથે સરકારમાં મંત્રી તરીકે સ્થાન મળતા લોકોના કામ કરવાની ખાત્રી આપી હતી.



નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા હિન્દી પખવાડિયા નિમિત્તે ખડકી પ્રાથમિક શાળામાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને વિજેતાઓને ટ્રોફી અને સર્ટિફિકેટ તેમજ તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા તેમજ પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન માટે કાપડની થેલીનું પણ વિતરણ કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમમાં સ્કૂલના આચાર્ય શ્રીમતી કુંજલબેન પરીખનું માર્ગદર્શન પ્રાપ્ત થયું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન નહેરૂ યુવા કેન્દ્રના DYO વિઠ્ઠલ ચોરમલે તેમજ NYV વ્રજ શાહ અને હર્ષ મહેતા દ્વારા કરવામાં આવ્યું.

## ગોધરા તાલુકા પંચાયત ખાતે તલાટી કમ મંત્રી દ્વારા માસ CL તથા ધરણા કાર્યક્રમ યોજી વિરોધ કર્યો


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
તારીખ ૧ ૧૦ ૨૦૨૧ ના રોજ તાલુકા પંચાયત કચેરી ગોધરા ખાતે ગોધરા તાલુકાના તમામ તલાટી કમ મંત્રીઓ રાજ્ય તલાટી કમ મંત્રી મંડળના આદેશ મુજબ માસ સી.એલ તથા ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ આજ રોજથી ઓનલાઇન કામગીરી તથા મહેસુલની કામગીરીનો બહિષ્કાર કરવામાં આવનાર છે તેમજ અમારી માંગણી આગામી સમયમાં સંતોષવામાં ન આવે તો તા. ૭ /૧૦/ ૨૦૨૧ ના રોજ જિલ્લા પંચાયત કચેરી ખાતે જિલ્લાના તમામ તલાટી કમ મંત્રીઓ ધરણા કરવામાં આવનાર છે. તેમજ ૧૨/૧૦/૨૦૨૧ ના રોજ ગાંધીનગર ખાતે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કરવામાં આવનાર છે. તેમજ ત્યાર પછી પણ માંગણી સંતોષવામાં ન આવે તો રાજ્ય મંડળના આદેશ મુજબ અચોક્કસ મુદતની હડતાળ કરવામાં આવશે તેમજ રાજ્ય મંડળ જે આદેશ આપે તે પ્રમાણે કામગીરી કરવામાં આવશે.

## ગોધરામાં વેપારી એકજ આરોપીને ચાર ચેક રીટર્ન કેસોમાં જેલની સજા : ફરીયાદીને વળતર આપવા ગોધરા કોર્ટનો મહત્વનો ચુકાદો

ગોધરા,
રોજબરોજના ધંધામાં તથા નાણાકીય વ્યવહારોમાં ચેકનો ઉપયોગ મોટા પ્રમાણમાં થતો હોય છે. નાણાકીય વ્યવહારોમાં ચેક થી નાણાની લેવડ દેવડ કરવામાં લોકોને વિશ્વાસ રહે તે માટે સરકાર કડક કાયદા પણ બનાવે છે . પરંતુ કેટલાક લોકો ખાતામાં બેલેન્સ ન હોય તો પણ ખોટા ચેકો લખી આપીને સમાજમાં છેતરપીંડી વિશ્વાસઘાત કરવાના બનાવો પણ વધી રહયા છે. ગોધરામાં તેલના વેપારી પાસેથી ખરીદ કરેલ તેલની રકમની ચુકવણી માટે વેપારીને આપેલા ચેકો બેંક માંથી પરત થવાના કેસમાં ગોધરા કોર્ટે એક જ વેપારીને કુલ ચાર ફરીયાદોમાં ચેક રીટર્નના ગુનામાં તકસીરવાન ઠરાવીને આરોપીને છ મહીના અને ચાર મહીના જેલની સજા અને ફરીયાદીને ચેકોની રકમ વળતર તરીકે આપવાનો મહત્વનો ચુકાદો ખાપેલ છે .

વીગતવાર મળેલી માહીતી મુજબ ફરીયાદી ગોધરાના વરૂણ પ્રોટીન્સ અને વરૂણ એન્ટરપ્રાઈઝ તેલની પેઢીના ભાગીદાર વીનોદભાઈ રેવાચંદ મગનાણી એ આપેલી ચાર ફરીયાદો મુજબ આરોપી નયનભાઈ ડી. કોઠારી ગોધરાના સ્ટેશન રોડ પર અરીહંત ગ્રેઈન શોપના નામથી છુટક તેલનો ધંધો કરે છે અને આરોપીએ ફરીયાદીની દુકાનો પરથી ખરીદ કરેલ તેલની ૨ કમ ની ચુકવણી પેટે કુલ રૂપીયા ૮,૮૫,૮૮૪/– ની ચુકવણી પેટ ધી જનતા કો.ઓ. બેંકે ગોધરાના કુલ ૧૧ ચેકો લખી આપેલ હતા. તે ચેકો ફરીયાદીએ કલીયરીગ માટે પોતાની બેંકમાં રજુ કરતા જનતા કો.ઓ. બેંકે સદર ચે કો આરોપીના ખાતામાં જરૂરી બેલેન્સ ન હોવાથી પરત કરેલ, તેથી ફરીયાદીએ કાયદા મુજબની નોટીસ આરોપીને મોકલેલી અને પછી ગોધરા કોર્ટમાં ચેક રીટર્નના ગુનાની કુલ ચાર ફરીયાદો નેગો. ઈન્સ. એકટની કલમ ૧૩૮ મુજબના ગુનાની ફરીયા દાખલ કરી હતી. તે ફરીયાદો ગોધરા કોર્ટમાં ચાલી જતા પક્ષકારોને રજુ કરેલા પુરાવાઓ અને ફરીયાદી તરફે એડવોકેટ અશોક એ. સામતાણીની દલીલોને ધ્યાનમાં લઈને ગોધરાના ત્રીજા જયુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ જજ સંદીપ આઈ. ચૌહાણ એ આરોપી નયનભાઈ ડી. કોઠારીને નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ના ગુનામાં તકસીરવાન ઠરાવીને આરોપીને બે ફરીયાદોમાં છ – છ મહીનાની અને બીજી બે ફરીયાદોમાં ચાર–ચાર મહીનાની જેલની સજા અને ચાર ફરીયાદોના ચેકોની થતી રકમ કુલ રૂપીયા રૂપીયા ૮,૮૫,૮૮૪ /– એક મહીનામાં ફરીયાદીને વળતર તરીકે ચુકવી આપવા હુકમ કરીને ગુનેગારો માટે દાખલો બેસાડતો મહત્વનો ચુકાદો ગોધરા કોર્ટે જાહેર કરેલ છે.

